શ્રી કૃષ્ણ બા[illegible]

સંશોધક,

મહેતા દુલેરાય વ્રજ

અમદાવાદ.

શ્રી "જોલી પ્રીન્ટીંગ વર્કસ.

સંવત ૧૯૬૦. ઈ. સ. ૧

આવૃત્તિ ૧ લી. પ્રત. ૫૦

મુલ્ય રૂ. ૦-૩-૦.

શ્રી કૃષ્ણ બાળ લીલા.

સંસોધક.

મહેતા દુલેરાય વજેશંકર,

અમદાવાદ,

ધી "જોશી પ્રિન્ટીંગ વર્કસ"—ખાડિયા;

સંવત ૧૯૬૦   ઇ. સ. ૧૯૦૪.

આવૃત્તિ ૧ લી,   પ્રત. ૫૦૦૦.

મુલ્ય રૂ. ૦-૩-૦.

અર્પણ પત્રિકા.

સર્વ દીનાનાથચીત્તલીન ભકતજનોને આ શ્રી કૃષ્ણ કથા સપ્રેમ
અર્પણ કરતાં વિનવાય છે કે તેનો સદ્ ઉપયોગ કરી
મનન કરવું તથા હરિકિરતન કરી આં અસાર
સંસારમાંથી ચીત્તનો લય કરવા
આકાંક્ષા રખાય
છે.

લી. એક મુમુક્ષુ હ.રિજન

પ્રસ્તાવના.

આ સમયમાં પુસ્તકો છપાવવાં તે એક જાતનો ધંધો થઇ પડયો છે. લેખકો શું છપાવવું ને કેવાં પુસ્તકો કેવી રીતે તે પ્રસન્ન કરી છપાવવાં તે વાત બીલકુલ ધ્યાનમાં લેતા નથી. દરેક જણને કવિ થવાની ઇચ્છા થાય છે. ગમે તેવી પણ કવીતા લખી એટલે કવિત્વ આવ્યું તેમ હાલ પ્રજા સમજે છે, પણ તે એક હાલની આર્ય પ્રજાની ખામીછે. આ ખામીયો મારા સ્મરણમાં હોવા છતાં મેં **કવિ કાલીદાસ કૃત બાલકૃષ્ણ** લીલાનુ પદ્યમાં ભાષાન્તર કરવાનું સાહસ કર્યું છે. મારી મંદમતિને આ માર્ગે દોરવાને ગુર્જરશેકસપિયરને વાસ્તે આર્ય પ્રજાની વધતી જતિ પ્રીતીજ કારણ ભુત થઇ પડી છે. કવિવર કાલીદાસનુ નામ ભાગ્યેજ આ દેશમાં નવું છે. પ્રાથમિક શાળામાં જતાં બચ્ચાં પણ તે નામ જાણે છે. વિદ્યાર્થીયો તે કવિવરનાં પુસ્તકોનું અધ્યયન કરે છે. ઉત્તિર્ણ વિદ્યાર્થીયો તેના રસમાં સ્નાન કરેછે. વિદ્વાનો તેની શૈલીમાં અલૌકીક આનંદ માણે છે. લેખકો તેમની લેખિની ને અનુસરવા ચાહાછે, તો, મારા જેવો મંદ મતિ તેનાજ શબ્દનું સ્વભાષામાં ઉચ્ચારણ કરશે તો તે નિરર્થક નહિ ગણાય.

કવિવર કાલીદાસનાં પુસ્તકો ખરેખર વાંચી મનન કરી જનસમુદાયને સામાજીક રૂઢીયોમાં અનુકરણ કરવા યોગ્યજ છે. ને જેમ જેમ આર્ય પ્રજા તે કવિનાં પુસ્તકો વધુ ને વધુ વાંચશે તેમ તેમ તેને વધારે ને વધારે લાભ થવાનોજ.

કૃષ્ણ બાળલીલા એ એક નાનુ સરખુ પુસ્તક છે; ને તે કોઇપણ રીતે એક પુસ્તક તરીકે ગણી શકાય નહિ તોપણ તેમાં જે

રસ ને બોધ, તથા કૃષ્ણનું ચારીત્ર સમાયલું છે તે જનસમુદાયને તેમનો આરામનો વખત આનંદમાં ગાળવાનું સાધન થશે તેમ જાણીનેજ આ શ્રમ મેં લીધો છે.

આવા નાનાશા પુસ્તકમાં અડધા ફર્મામાં પુસ્તકનો ભાવાર્થ આપવો એ કેવળ દાંભિક છે એમ ધારી તેમ કર્યું નથી. વળી આ વીષય એવો છે કે દરેક આર્ય બાળકીથી વૃદ્ધ માતા સુધી આ વાત હીંદુ કુંટુંબમાં હમેશાં ગવાય છે. આ વિષયની, સુંદર શૈલીમાં કાવ્ય દોહનમાં એ કવીતા લખાયલી છે. તે ઉપરાંત હજારો રીતે આ વાત વિસ્તૃતવામાં આવી છે. પણ આ વીષય ઉપર જો બે ત્રણ બોધદાયક વાકયો લખાશે તો તે ઘણાંજ ઉપયોગી નીવડશે.

"કંશ" એ શબ્દથી અસુરિ ઉત્પત્તિ સુચવી છે. કૃષ્ણ એ શબ્દ દયા, સુજ્ઞતા ને ધર્મનુ સ્થાપન કરનાર નાયક તરીકે લખ્યો છે.

જ્યારે જ્યારે પૃથ્વીમાંપાપ પ્રચાર થાય છે ત્યારે ત્યારે તેનો પરાજય ભિન્ન ભિન્ન નીયમથી જગત્‌ની બીજ પ્રકૃતિ કરે છેજ.

यदा यदा धर्मस्य हानिर्भवति भारत ।

अभ्युत्थं अधर्मस्य तदात्मानं सृजाम्यहे ॥

તો શ્રી ઈશ મનુષ્યના રૂપમાં અથવા મનુષ્યને પ્રેરીને કેવી રીતે સત્યનો જય કરે છે તેજ તત્વ અત્રે બારીકાઈથી મનન કરી ગ્રહણ કરવાનું છે.

ટુંકામાં અત્રે તત્વજ્ઞાન ઉપર વધુ વિવેચન નહિ કરતાં મારા પ્રિય વાંચકોને આ રહસ્ય યાદ રાખી પુસ્તક વાંચવા વિનતી છે, .

અમદાવાદ. } લી૦

૧૯૦૪ } લેખક.

શ્રી કૃષ્ણ બાળ લીલા.

સમરૂં તે શ્રી ગુરૂ ગણપતીને કરૂ પાયે પ્રણામ;
ગુણ ગાવા ગોવિંદના આપે મુજને હામ ૧
સુધ બુધ દાતા સહુ કહે વળી વખાણે વેદ;
સહસ્ત્ર ફણીને સુર અસુર કોઇ ન જાણે ભેદ ૨
કૃપા દૃષ્ટી કરો હું ઉપર થાએ વાણી વિલાસ;
દીન જાણી દયા આંણી પુરો મુજ અભિલાસ. ૩
હું સરસ્વતી માતાની કરૂં સ્તુતી કરો હૃદયે વાસ;
ભકત વત્સલ ભવતારણ માતા પુરો મનની આશ. ૪
હવે કહું જે કથા કેવળ કૃષ્ણ બાળ ચરીત્ર;
પાપ નાશે પુર્વનાં ને વાણી થાય પવિત્ર ૫
કંસ કેસરી મારવાને તારવા નીજ ભકત;
નિરગુણ તેજ સગુણા થઇને કર્યું પાવન જગત. ૬
અવતાર કારણ આદ્યથી વરણવી કહુ વ્યાખ્યાન;
બોલાવે જેમ બાળને નીજ ભાવથી ભગવાન ૭
અસુર અંશે ઉપન્યો કંસ રાજકુમાર;
બળવાન પાપી પુર્ણ અંગે ભુમી ન ઝીલે ભાર. ૮
મેરૂને ધરા થયાં ભયભીત ગયાં બ્રહ્મ સદન;
દેખી તે દુઃખી થઇ દેવ દેવે કર્યું વિષ્ણુ સ્તવન. ૯
આકાશ વાણીએ કહ્યું હમે અવતરો મહીમાંહે;
પુરણ રૂપે હું પ્રગટ તત્કાળ થાઇશ ત્યાંહે. ૧૦

દેવક તનયા દેવકન્યા તે દીપકુલ અજવાલ;
પરણાવી અતી પ્રિતસુ વસુદેવને મહીપાળ. ૧૧
ગયો ઘેર વળાવવા કુમતિ ભર્યો સુત કંસ;
"એહનો બાળક અષ્ટમો તેહરૈ તુજ અંશ." ૧૨
એવું સુણી આકાશ વાયક કોપીઓ અતિ ક્રુર;
ખડ્ગ લીધું ખેદથી ભગનીને હણવા ભુર. ૧૩
વારીઓ વસુદેવજીએ કરી કોટી પ્રબોધ;
પુત્ર અરપુ જેહ પ્રગટે જો ન માને જોધ. ૧૪
માનીયુ મન વિમળ વેણ તે સમે તે વાર;
કરો કોઇ ઉપાય કોટી હટે નહી હોનાર. ૧૫
કાળા ગ્રેહમાં રાખીયાં કંસે કરી મન રીસ;
ભારી ભોંગળ જોડ જડીયાં તાળાં દીધાં ત્રીસ. ૧૬
રખવાળ રાખ્યા ચોકીમાં તે કરે ક્ષણ ક્ષણ જાણ;
ભય ધરીને નિત્ય નૃપતી યોજે યુકિત બળવાન. ૧૭
દેવકીને બાળ પ્રગટયો તે હવે હણે તતખેવ;
દુષ્ટ દમંતો દેખીને દેવકી નયણે ચાલે નેવ. ૧૮
વસુદેવ કહે દેવકીને ત્હમે ધરો મનમાં ધીર;
કૃપા કરશે કૃષ્ણજી ત્હમે નયણે ભરો ના નીર. ૧૯
દયા નહી દીલમાંહી જેહને તે ન આણે મ્હેર;
કંસ કોપ્યો ક્રુરદષ્ટી ઝરે નયણે ઝેર. ૨૦
દેવકી કહે સુણો સ્વામી કહું હું સાચી વાત;
પુત્ર પ્રગટે કાળા ગ્રેહમાં કરે તેહની ઘાત. ૨૧
દૈવેદીલમાં ધારીયું તે થાય કવણ ઉપાયે;

સપ્તમો ગર્ભ શ્રી ગોકુલે દેવકી ઉદરે જાએ. ૨૨
જોગ માયાને કહ્યું ત્હમે અવતરો એ બાળ;
વિજળી થઇને વ્યોમજાજો ભય ધરે ભુપાળ. ૨૩
અમો ઉદરે અવતરૂં જ્યાં દેવકી વસુદેવ;
અમર ગોકુળ અવતાર કરવા કરવા હરીની સેવ. ૨૪

એ કથા રહી એટલે મધુપુર વિશે શું થાએ;
કાળા ગ્રેહમાં દેવકી અહૂર નિશ કરે ચિંતાયે. ૨૫
ષટ્ બાળક માર્યા મુરખે કરી હત્યા કંસ;
ગર્ભ ભાસે ઉદરમાં વસુદેવ કેરો વંશ. ૨૬
કહો સ્વામી કહું કેણી પેર કહેતાં આવે લાજ;
ગર્ભ ભાસે ઉદરમાં શુભ શુકન થાએ આજ. ૨૭
વાત કરતાં રાત વિતી થઇ અર્ધ નીશાય;
દેવકીએ સ્વેપ્ન દીઠુ કહું તેહ મહીમાય. ૨૮
શંખ ચક્ર ગદા યુગ કરમાં મુંગટ કુંડળ કાન;
પીતાંબર પટકુળ પહેરણુ ભરાવીને વાન, ૨૯
તત્કાળ જાગીને જુએ જ્યાં દ્રષ્ટી દીઠો બાળ;
પર્મ સુંદર રૂપ અદ્દભુત દેવ દીન દયાળ. ૩૦
જગાડે વસુદેવને દેવી દેવકી તત્કાળ;
વદે વનીતા નાથશું સ્વામી નીહાળો બાળ. ૩૧
અષ્ટ્મીને રાત અરધો વળી શ્રાવણ માસ;
કૃષ્ણ પક્ષે કૃષ્ણજ જન્મ્યા માત મન ઉલ્લાસ. ૩૨
પુત્ર નીરખી થયાં આશ્ચર્ય માત પીતા તેણી વાર;

આ આપણે ઘેર અવતર્યા પણ કારણ રૂપ કુમાર. ૩૩
વળતુ વચન શ્રી કૃષ્ણજી મુખથી કહે સુંણજો પીતા;
મુજને તે નંદને ઘેર મુકી લઇ આવો તેહની સુતા. ૩૪
કરે વીમાસણ વસુદેવજી કેમ ઉઘડશે દ્વાર;
ભારી ભોંગળ સાંકળ તાળાં કરૂ કોણ વિચાર. ૩૫
એમ મનમાં ત્રેવડે ત્યાં જડયાં જોડ કમાડ;
ઉઘાડીને થયાં અળગાં દૃષ્ટી દીઠી વાટ. ૩૬
પ્રભુ લઇને પરવર્યા વળી નીરખતાં ચકોર;
ઝરમર વરસેં મેઉલા રજની મળી ઘનઘોર. ૩૭
નીર યમુના નીર વાધ્યું જ્યાં લગીમુખ કર્ણ;
પંથ આપ્યો પુરમાં જાવા જ્યાં સ્પર્શ્યાં હરી ચર્ણ ૩૮
વળતા તે વસુદેવ આવ્યા નંદ તણા ઘર માંય;
પુત્ર મેલીને પુત્રી લીધી તે તત્ક્ષણ ત્યાંહે ૩૯
મહા પ્રભુની માયા માટે કોઇએ ન જાણી વાત;
પુત્ર મુકીને પુત્રી લીધી જે ત્રણ ભુવનની માત. ૪૦
જસોદાએ બાળ નીરખ્યો શોભે સુંદર તન;
અતિ અનુપમ રૂપ અદ્ભુત ત્રણ ભુવન રાજન. ૪૧
કન્યા લઇ વસુદેવ આવ્યા હરખ પામ્યા મન;
તત્કાળ કાળા ગ્રેહમાં આવી બાળકે કર્યું રૂદન. ૪૨
રખવાળ ઝબકી જાગીયા તેણે કર્યું નૃપને જાણ;
કાળાગૃહમાં બાળ પ્રગટયો હરો તેહના પ્રાણ. ૪૩
તે સુણી તત્કાળ ઉઠયો ભય ભર્યો ભુપાળ;
આજ એહને હણું ત્યારે ટળે મ્હારી જંજાળ. ૪૪

એમ વિચારી ભગીની પાસે આવીયો ક્રોધ આણી;
વાણી કઠોર વદીને ત્હણે લીધી બાળકી તાણી. ૪૫
ચરણ ઝાલી ફેરવી કરવા તેપૃથ્વીપાત;
વીજળી થઇ વ્યોમ ચાલી રહ્યા ખાલી હાથ. ૪૬
કન્યા વળતી ગઇ કહેતી સાંભળ કુબુદ્ધિ કંસ;
ગોકુળ માંહે વેરી પ્રગટયો તે કરે તાહરો ધ્વંસ. ૪૭
વચન એવું સાંભળીને થઇ મનમાં દાઝ;
પડયું મન ચિંતા વિશે હણવા શત્રુ કાજ. ૪૮
ગુપ્ત અનુચર મોકલી કંસે કઢાવી ભાળ;
નંદ નંદન વિશ્વ વંદન પર્મ રૂપ રસાળ. ૪૯
શત્રુ ત્હારો થયો ગોકુળ શીઘ્ર લે સંભાળ;
કંસનો નિર્વંશ કારી ભક્ત જન પરિપાળ ૫૦

વલણ

ભક્ત જન પરિપાળરે શ્રી શુકજી વાણી વદે;
કહું કથા શ્રી કૃષ્ણજીની રાજા તું ધરજે હૃદે.

કડવું ૧. ચોપાઇ.

રાજા રાખ રૂદે માહરી વાણી;
(કહું) હરી લીલા હરીજન જાણી. ૧
જેનુ સ્મરણ કરતાં સુખ થાએ;
જેને ગાતાં જનમ દુઃખ જાએ. ૨
જેનુ જપતાં તે નીશ દીન નામ;
પ્રાણી પામે તે પુરણ ધામ. ૩

જહેના ચરણનુ ધરતાં તે ધ્યાન;
ઘેર બેઠા તે ગંગાનું સ્નાન. ૪
જહેની કીરતીનાં જ્યાંછે પ્રસંગ;
ત્યાંહાં રાત દીવસ વહે ગંગ. ૫
સુણે કૃષ્ણ કથા નીરે ધુન્ય;
સર્વ તીર્થો ન્હાયાનુરે પુન્ય. ૬
તેથી અધિકુછે પુણ્ય અનંત;
મુખે કહેતાં ન આવેરે અંત. ૭
પ્રભુએ જન્મ ધર્યો જદુકુળમાં;
આવ્યા નંદને ઘેર ગોકુળમાં. ૮
કંસ સાથે જઈ વેર વસાવ્યું;
જેણે વીવીધે વીઘન ઉપજાવ્યું, ૯
પ્હેલી મોકલી પુતના મારી;
જોવા કુંવરનુ રૂપ ચકારી. ૧૦
સ્તને વ્યાલ વિલેપન કીધું;
જાણે સઘળુ કાર્ય હું સાધું ૧૧
જોયો બાળને ખોળે બેસારી;
મુખે બોલી તું પર જાઉં વારી. ૧૨
મુખસ્તન આપ્યું પય પાવા;
મુને કુંવર વ્હાલો ઘણુ બાવા. ૧૩
પય પાન કરાવેછે છળમાં;
પ્રભુ પ્રીછી ગયા એક પળમાં. ૧૪
પછી પય એવું પ્રભુએ પીધું;

તનથી જીવન શોધીને લીધું. ૧૫
મારી મોક્ષ થઇ હરી મળતાં;
લાગી વાર ન ધરણી ઢળતાં. ૧૬
માતા જસોદા જોઈને બીન્યાં;
અંગસ્વેદથી અંબર ભીજ્યાં. ૧૭
માતા પુત્રને લેતાંરે કાંપે;
લઇ હરીજીને હૃદયામાં ચાંપે. ૧૮
મ્હારો બ્હીન્યો હશે બહુ બાળ;
એની રક્ષા કરે:રે ગોપાળ. ૧૯
પડી રાક્ષસી પાડીને ચીશ;
વાધ્યુ પરવત સરખુ શીશ. ૨૦
પંચ જોજન વાધ્યુંછે અંગ;
પડતાં વૃક્ષ ભુવન થયાં ભંગ. ૨૧
કૃષ્ણ પોઢયા પારણા માંહે;
સર્વે લોક નીહાળેછે ત્યાંહે. ૨૨
વાહ બાળકતો ઘણો બળીયો;
કેવો સુતોછે કુંવર સામળીયો. ૨૩
એની આંખડી સામુરે જોતાં;
વાર લાગે નહી મનમ્હોતાં. ૨૪
ધર્ણ ટીંચણીયાં પર ચાલે;
જાણે શેષને મુસ્તક સાલે. ૨૫
નાના હાથ દીસે નવ નીધ;
મ્હેરે પોંચી હૃદય ધરી પ્રીત. ૨૬

માથે ટોપી ઝગે જર તારે;
ફરતાં મોતી જગે હારહારે. ૨૭
કટી મેખલા ઘુઘરી ઘમકે;
નાની નેપુરી ચરણે ઠમકે. ૨૮
ચાલે ઠમકતી ચાલે મુરારી;
છબી જોઇ રહે સહુ હારી. ૨૯
નવ નીત્ય માટે મહી ઢોળે;
માતા હાક દઈ બહુ બોલે. ૩૦
અમલા અર્જુન વૃક્ષ વીચારે;
જહોયે પાડે તે ચર્ણ પ્રહારે. ૩૧
રમતાં મૃતીકા મુખમાંરે ઘાલી;
માતા પાસે આવેછેરે ચાલી. ૩૨
કર ઝાલીને મૃતીકા કાઢે;
ક્રોધ આણીને વદન ઉઘાડે. ૩૩
માટીમાટે તે મુખમાં નીહાળે;
જોતાં ભુવન ચર્તુદશ ભાળે. ૩૪
જનુની જોઇને આશ્ચર્ય પામી;
આતો ચૌદ ભુવનનોરે સ્વામી. ૩૫
વળી ભુલી ગયાં આણી માયા;
જાણ્યું કુંવરે ધરી એવી કાયા. ૩૬
એમ નંદને આંગણે રીખે;
ચક્ર પાણી તે ચાલવું શીખે. ૩૭
બાળક્રીડા કરે બહુ ભાતે;
મારે દૈતને આવે જે ઘાતે. ૩૮

સકટા સુર હરીનેરે હરવા;
આવ્યો સકટ થઈ છળ કરવા. ૩૯
પ્રભુ નિરખતા પાસે પધાર્યા;
ઉભા થઇને હાથ વધાર્યા. ૪૦
ઉપર બેઠા ચઢી ચક્ર પાણ;
મારી પાટુને કહાડયારે પ્રાણ; ૪૧
વર્ષે પાંચમાંથી વનમાળી.
ચાલ્યા વનમાંહી પલવટવાળી; ૪૨
વૃજગોપમાં વાછડાં ચારે.
ક્રીડે કાલી નદીનેરે કીનારે; ૪૩
બહુ ચરિત્ર કરે બાલે વેશે.
વાલો ફુલ્યો ફરે વૃજદેશે; ૪૪
છબી જોઇ બ્રહ્મા મન ધારે.
પ્રગટયા પુરણ બ્રહ્મ વિચારે; ૪૫
હેતુ ચોકસ કરવાને માટે.
બ્રહ્મા આવ્યા જમુનાજીને ઘાટે. ૪૬
એક દૈત્ય વીતોલોરે થઇને.
ઉડયો આકાશે પ્રભુજીને લઇને; ૪૭
કૃષ્ણે ચર્ણે પ્રહારે પાડયો.
મારી પાટુને મોક્ષ પમાડયો; ૪૮
પ્રભુ બાળક પણ નવ હાર્યા.
એવા દુષ્ટ અનેક વીડાર્યા; ૪૯
બ્રહ્મા ભેદ વિચારીને મનથી;

ગોપ વચ્છ હરી ગયા વનથી. ૫૦
વચ્છ બાલ વીરંચીયે લીધાં;
જાણી જોઇને જાવારે દીધાં. ૫૧
વચ્છબાલ હતાં જેહના જેવાં:
કૃષ્ણે ફરી નીપજાવ્યાંછે તેવાં. ૫૨
વછબાળ એવાં નીપજાવ્યાં;
ચાલ્યાં પોતાને મંદીર આવ્યાં. ૫૩
કોઇ માયાવીએ નવ જાણ્યું;
ત્યારે બ્રહ્માએ મનમાં આણ્યું. ૫૪
નવાં વચ્છ કરનાર તે શામ;
જાણી બ્રહ્મા આવ્યા ગોકુળ ગામ, ૫૫
લાવ્યા વચ્છ લીધેલાં સાથ;
બ્રહ્મા ઉભા જોડી બેઉ હાથ. ૫૬
શ્વામો પુરણ બ્રહ્મ અવતાર;
ત્હમને જાણ્યા અમે નિરધાર. ૫૭
મ્હારો ક્ષમા કરો અન્યાયે;
પ્રભુ મ્હોટો ત્હારો મહીમાયે. ૫૮
નાથ ચરણ તમારાની રજમાં,
મુને રાખોની વ્હાલીજી વૃજમાં, ૫૯
એમ કહી કહી ચરણેરે લાગે;
બ્રહ્મા ભકતી પદારથ માગે. ૬૦
ત્યારે બોલ્યા મુખે ભગવાન
જાઓ બ્રહ્મા વસોની સદન ૬૧
વાંચો વેદ તે સ્વર્ગ સદન,
ટ.ઢક રહે જેથી મ્હારે તન; ૬૨

એવું સાંભળી બ્રહ્માજી હરખે;
નવણે રૂપ હરીશ્રીનું નીરખે. ૬૩
લેઇ રજાને સ્થાનક આવ્યા
પ્રેમે પ્રભુને પુષ્પે વધાવ્યા ૬૪
નજર કરતાં વનમાં પૃષ્ટ;
દીઠો દૈત્ય અગાસુર દૃષ્ટ. ૬૫
કર્યું વદન વિક્રાળ પ્રચંડ;
જાણે માર્ગ હોય નવખંડ. ૬૬
સર્વ ગાય ગોવાળીયા ત્યાંહે;
પેઠા સર્પનાં મુખની માહે. ૬૭
ચાલ્યો વદન બીડીને વ્યાલ;
પડી ગોપતણે મન ફાળ. ૬૮
થયો ત્યાંતે પછી અંધકાર;
જાણે પડયા ગુફાની મોઝાર. ૬૯
દૃષ્ટે દીસે નહીં કાંઇ વાટ;
ભાસે સર્પ તણો સળકાટ. ૭૦
થયા વ્યાકુળ સઘળા ગોપ,
કહે થયો આતો દૈવ કોપ. ૭૧
ભય પામીને સર્વે અહીર;
કરે સ્તવન શ્યામ શરીર. ૭૨
કહે કાળા ગૃહેથીરે કાઢો;
દ્વાર મ્હેર કરીરે ઉઘાડો. ૭૩
સુણી કૃષ્ણે વધાર્યું અંગ;

બન્ને ભાગ થયો ભોરંગ. ૭૪
સર્વ દ્વાર થકી તે વાર;
ગોપ ગાય નીકળ્યાં બહાર. ૭૫
પછી ગોવર્ધન ઓચ્છવ કરીયો;
ભાગ ઇંદ્રનો કૃષ્ણે ધરીયો. ૭૬
ત્હેણે કોપ્યો તે ઇંદ્ર અપાર,
જેણે મેઘ મોકલીયા બાર. ૭૭
મેઘ વરસ્યા આઠે જામ;
જાણે હમણાં તણાશે ગામ. ૭૮
વરસે વાદળી તે દીન રાત,
વિત્યા દીવસ એમ તે સાત. ૭૯
દીસે જળે ભર્યાં સહુ ધામ;
લોક બીહે તણાશે ગામ. ૮૦
આશા બચવાની ધારી ફોક,
સમરે પ્રભુને ધરીને શોક. ૮૧
ત્યારે પ્રસન્ન થયા મુરારી;
તોળ્યો પ્રભુજીએ પર્વત ભારી. ૮૨
વ્રજલોક સમસ્ત ઉગાર્યું,
કૃષ્ણે ઇંદ્રનું માન ઉતાર્યું. ૮૩
એવા પ્રગટ્યા તે વૃંદાવનમાં;
શોભે કાનજી કુંજ ભુવનમાં. ૮૪

સાખી.

કુંજ ભુવનમાં કૃષ્ણજી સુંદર રૂપ નીધાન,
મોર મુગટ મોરલી ધરી કુંડલ ઝળકે કાન.

શ્રી શુકજી વખાણે પ્રભુજીનું રૂપજી,
સુંદર શોભે ત્રીભુવન ભુપજી. ૧.

સખી પઠવે તેં પુરણ બ્રહ્મ જે કોઈ જાણેરે એ રાગ.

કોટી કામથી કાન્તા અનુપ કૃષ્ણની કાયા છે
મુખ જોતાં થઈએ તદ્રૂપ એવી મોહ માયા છે. ૧.
વ્હાલે લીધો તે નટવર વેશ શામ સોહાગી છે,
એહને નિરખતો વ્રજદેશ ખરે બહુ ભાગી છે. ૨.
એહને મુગટ બિરાજે શીશ ભાલમાં ચંદન છે,
એહને મોહી રહ્યા સુર ઈશ દુષ્ટ નિકંદન છે. ૩.
એહને કુંડળ ઝળકે કર્ણ, કંઠે વન માળા છે,
મુખે વગાડે મોરલી ગાન સંગે વ્રજબાળા છે. ૪.
ભાસે ભૃકુટી બાણ કમાન વાંકી વળેલી છે,
એહના મોહનાં મર્મ કટાક્ષ આંખો અણીયાળી છે. ૫.
એનાં ગાત્રો એકાએક સુંદર શોભે છે,
છબી નિરખવાને માટ મુનીવર લોભે છે. ૬.
શોભે તનું તે મેઘ સમાન બિને વાને છે,
પટ પીતાંબર પરિધાન કુન્ડળ કાને છે. ૭.
સ્હેજે ચરણ કમળની પાસ આશ સૌ રાખે છે,

શદ્ધ સેવવા ત્હેના ચર્ણ કોકને ભાગે છે. ૮.
પામે ગતીનો કોઇ ન ભેદ સકળ નિરંજન છે,
સ્તવન કરે પુરાણને વેદ દુષ્ટ નિકંદન છે. ૯.
વૃજ નારી તણો વિસરામ ગોપનો વલભ છે,
એહને પુજવા ધરે સૌ હામ સૌ સુર વલભ છે. ૧૦.
એહની પ્રાર્થના કરે ત્રણ લોક સર્વનો શ્વામી છે,
પુજા કરતાં ટળે મન શોક, અંતર યામી છે. ૧૧.
તમ ગુણ ગોવિંદ ગંભીર ગીરીવર ધારી છો,
તમો પ્રાણ જીવન નંદલાલ કુંજ વિહારી છો. ૧૨.
પુજા કરતાં થાયે પુરા કોડ હરી લટકાળા છે,
પ્રભુ ભક્ત જનોના પ્રાણ પ્રેમના પ્યાલા છો. ૧૩.
સુરભી વચ્છ તણા રખવાળ પ્રભુ ગોવાળા છો,
સુર ઇંદ્રાદિકના નાથ સહુથી નિરાળા છો. ૧૪.
ત્હારી ગતીનો પામે ન પાર મુમુક્ષુ પામરરે,
પ્રભુ દયાનિધિ ભગવાન કરૂણા સાગરરે. ૧૫.

સાખી.

નીરગુણ નટવર નર થયો સુંદર સગુણ સ્વરૂપ,
નંદ નંદનની છબી—પુર્ણાનંદ અનુપ.

ચોપાઇ.

થયો નિરગુણ સગુણ સ્વરૂપ, કહાવે ત્રણ ભુવનનો ભુપ,
એહનાં પંકજ નયન વિશાળ, નખ શીખે શરીર રસાળ. ૧
ઓપ્યાં કુંડળે શોભે કાન, વ્હાલો રૂડો દીસે બિનેવાન,
શીર મુગટે સોહાયે ઇશ, જોઇ મોહી રહે સુર ઇશ, ૨

ભાલે કેશરી તીલક વિશાળ, કંઠે મુકતા ફળનીરે માળ,
મુખ જાણે છે ઈંદુપ્રકાશ, મંદિર ચૌદ ભુવનનો અવાસ. ૩
દિસે ભ્રકુટિ બાણુ સમાન, બોલે મુખે મીઠાં મોહ બાણુ,
ઓષ્ટ દીસે કુપળનાં રંગ, એવું સુંદર નિરમળ અંગ. ૪
એના મુખે ભર્યા તંબોળ, દિસે વદન કુશળ કલોલ,
ધર્યાં કંઠે કુસુમના હાર, શોભે ભૃગુ લાંચ્છન ઝળકાર. ૫
સુંદર નાભિ ઉદર ગંભીર, જાણે માન સરોવર નીર,
કટીએ ઘુઘરીનો ધમકાર, થાયે પાયે નેપુર ઝણુકાર ૬
સોડશ ચિન્હ તણા પગ જેના; એવા ધેનો ચારેછે કનૈયા,
ચાલે અદ્‌ભુત ચંચળ ચાલ, શેવક જોતાં થાયે ન્યાલ. ૭
નામે કહાવે નંદનો નંદ, શોભે સુંદર એવો ગોકુળચંદ,
વ્રજ લોક તણો ગોવાળ, થયો ત્રણુ ભુવન પ્રતિપાળ. ૮
એહની જગમાં મળે નહીં જોડ, દર્શન થતાં પુરણુ થશે કોડ,
વાણી સુંરે વખાણે સ્વરૂપ, એનો ચૌદ ભુવનનોરે ભુપ. ૯

શુકજી:—

કહે શુકજી સાંભળ રાયજી, કહુ રાસ લીલા મહીમાયજી,
ત્હને સંક્ષેપમાં સમજાવુંજી, જેથી થાઉ તુંપ પાવનજી.

રાસ લીલા.

શાંભળ રાજા કહુ હરિ લીલા જેહને સાંભળેછે સત શીલા,
ગોકુળ પ્રગટયા શ્રી બાળ મુરારી જોઈ મોહી રહી સહુ નારી. ૧

જોતાં પરસ્પરપ્રેમ વાધ્યો સહુએ શામળાઆને આરાધ્યો.
હરી હેત યુવતીઓના જાણી થયા દુધ દહીંના દાણી. ૨
ગોરસ લેઇ જાયે ગોપી વાટે બેસે મળવા જઇને ઘાટે.
અનેક યુવતીઓને રોકે પ્રેમ આંખડીથીરે અવલોકે. ૩
ફરે એકઠી સર્વ ચતુરા જાયે વેચવા દહીં જે મથુરાં,
દાણ માટે પાલવ રાખે ઝાલી કહે દાણ લોપી કયાં ચાલી. ૪
હરી વેષ ધરેરે ગોવાળા રોકે ગોપીયોને ઝાલી માળા,
એણે વશ કરી વૃજ બાળા મારી ચક્ષુના ચંચળ ચાળા. ૫
સહુ ગોપીમાં શ્રેષ્ઠ છે રાધા જેને હરી વીણ બોલ્યાની બાધા,
તે શુ કૃષ્ણની પ્રીતડી પૂરી અન્ય સર્વની સાથ અધુરી. ૬
દ્રષ્ટ મેળવી સામું જુવે એકમેકશુ નેન મીચાવે,
એકવાર રાધા ચરણે લાગી લીધું મોહન મુખે માગી. ૭
એકવાર તે રાસ રમાડો વ્હાલા અમને આનંદ પમાડો,
જાણી યુવતિ રાસ અભિલાષી હરીયે હૃદયમાં વાત વાસી. ૮
અશ્વિન પક્ષ અજવાળીને દીસે શોભે રજની શશી મીશે,
આવ્યાં યાદ માતુની વચન હરી રમવા ગયા ઉપવન. ૯
કૃષ્ણે વેષ ધર્યોરે વીલાસી સોળ કળા લલાટે પ્રકાશી,
વસ્ત્ર અનુપમ અંગ સોહાવે દિવ્ય દેહ જોતાં મોહ આવે. ૧૦
માથે મુગટ ને વસ્ત્રે છે ઝુલ કર્ણ કુંડળે મોતી અમુલ,
લીધા આરચ્યા કેસરી ભાલે ચીતરચા હંસો ગુલાબી કપોળે. ૧૧
બોલે મુખે મીઠડી વાણી હસ્તે મોરલી છે ચક્રપણી,
કંઠે માળ હિરામણી ઝળકે ઉર હાર તે પુષ્પના લળકે. ૧૨
રાસ લીલા તે એવી સોહાવે કવી વાણીમાં વર્ણન કહાવે,

ધર્યો બેરખાને બાજુબંધ ઉડે અપરમપાર સુગંધ. ૧૩.
અંગે અંગ ફુલ્યા ગીરધારી જેને જોવા લોભે ત્રીપુરારી,
જોયું ઉંચે પછી અવીનાશી રહ્યો ચંદ્ર જ્યાં પૂર્ણ પ્રકાશી. ૧૪.
હાથ ગ્રહી હરીએ ત્યાં વીણા કાઢયા સુસ્વર ઝીણાને તીણા:
જ્યારે વેણુ અનુપમ વાગી ભર નિંદથી ગોપીયો જાગી. ૧૫.
રંગે રમવાને રસીયાની સાથે આવી ગોપીયો મળી સાથે,
વાટે વેણુ સાંભળે રસાળી ઘણી વ્યાકુળ થાયે વૃજબાલી. ૧૬.
મહ વેદનાથીરે વ્યાકુળી સુંદરી ભાન ગઈ સૌ ભુલી,
એવી વનમાં ચાલી સહુ ગોપી લાજ મરજાદ કુળની લોપી. ૧૭.
મળતાં યદુવર આનંદ પામી બાળા કૃષ્ણને ચરણેરે નામી,
ત્યારે બોલ્યા કુંજ બિહારી આવ્યા કેમ તમેં અહીં નારી. ૧૮.
કંથ આપશું સુવા મેલી આવી મળી સૌ અહીં સાહેલી,
ઘટે અર્ધ રાત્રે ન બ્હાર નીસરવું ઘર મુકીને વનમાંરે ફરવું ૧૯.
કદી કંથ તમારારે જાણે પુછે ગયાંતાં કયાં આ ટાણે,
સમજી ઘહેર પધારોરે વ્હેલાં શાને આવાં થયાંછેરે ઘેલાં. ૨૦.
આવું સુણી રહી સૌ છાની ક્રોધે બોલી રાધીકાજી વાણી,
હવે મારો શું વચનના ભાલા કરી કારસંતાન હો કાળા. ૨૧.

રાધીકાજી:—

વ્હાલા જુવો વિચારીને મન એ શું બોલો આવ્યા પછી વન,
બંશી બજાવી અમને તેડાવ્યા ભર નિંદથી શાને જગાડ્યાં. ૨૨.
સુંદર વેણુથી મન હરાયું કામી હૃદય તે કામે ભેદાયું,
સૌને રંગે રમાડીને રાસ પ્યારા પુરો અમારી આશ. ૨૩.
ઢોંગ કપટ તે કરના કાઢી જુવો પ્રેમની આંખ ઉઘાડી,

તનમન અમારાં તાણી વ્હાલા બોલો શું કપટની વાણી. ૨૪.
તમે સર્વ વ્યાપક હો સ્વામી ચૌદ લોકના અંતરયામી,
રાસ રમતાં ન દોશ તે લાગે પણ જન્મ મરણ દુ:ખ ભાગે ૨૫.
માયા મેલી ન રાસ રમાડો તો તો જીવન છેલ્લો આ દહાડો,
આવી પ્રીત નીહાળતાં સત્ય વ્હાલે માંડી તે રાસની ગત્ય. ૨૬.

રાસ:—

વ્હાલે મોરલી વાહી મીઠી સર્વ ગોપીયો ચોપાસ વીટી,
જેટલી ગોપી તેટલાં રૂપધર્યા રતી મદનનાં જોડાં બનાવ્યા, ૨૭.
એક મેક શું હાથ મીલાવી ચુમે કપોળ નેન મીચાવી,
વેણુ તીવ્ર મધુરી વાજે વેણુ પ્રમાણે ગોપીયો નાચે. ૨૮.
જેવો આકાશે ઇંદુ રાજે તેવા ભૂમાં સહસ્ર બીરાજે
અંગે બાવના ચંદન બ્હેકે રંગ બેરંગી ઝુલણ લટકે; ૨૯.
રાસ જામી ગયો ઘણો ભારી કૃષ્ણે કંધે લીધી રાધે પ્યારી,
આલિંગન અબળાને રે દીધું પ્રેમપાન પુરેપુરૂ પીધું. ૩૦.
સર્વ ગોપ સાથે વ્રજબાલા રમી હરખી રૂડી રાસમાળા,
વ્રેહ પીડા સૌની નીવારી મન હરખ્યા ગીરીધર ધારી. ૩૧.
થાતાં રાધિકાજી પ્રભુ પ્યારી ઉર ગર્વ વધ્યો છે રે ભારી,
ગમે કૃષ્ણને નહીરે ગુમાન કહે ઉતારૂં આ અભીમાન. ૩૨.
એવો કરીને મન વિચાર થયા અદ્રષ્ટ થોડીવાર,
થઇ ભંગ અરે રાસમાળા ગયા રોતી રહી સૌ બાળા. ૩૩.

શુકજી:—

સાંભળ રાયજી કૃષ્ણની ક્રીડા.
દુર થાય જેથી પાપ પીડા,

રમવા હરી શુંરે રજની નાર મળી છે ગોકુળ વ્રજતી,
વનમાંહી તે રંગે રે રમતાં સુંદર શ્યામનાં સુખડાં ભોગવતાં. ૧
કૃષ્ણે પ્રીતીની દ્રષ્ટે વિચારી સર્વ બાળામાં રાધિકે સારી,
સર્વ બાળાથી અળગી ગિરધારી ગયા લેઇ વૃશભાન કુમારી. ૨.
હાંફળી ફાંફળી બાળાઓ વનમાં ખોળે કૃષ્ણને કુંજ ભુવનમાં
વનમાં પગલે પગલે બાળા ચાલી હરખે પાદનાં ચિન્હ નીહાળી. ૩.
એમ માધવ મળવાને માટે બાળા સર્વ પડીરે ઉચાટે,
તેણુ હરીજીના પળ કોટી કલ્પે જેમ નિરવીણુ માછલી તલ્પે. ૪.
વનટોળે ફરે સહુ નારી થાયે કૃષ્ણ વિના દુખીયારી.
થાકી બાળાઓ બિચારી દોડી કરે પ્રણામ કરને જોડી. ૫.
એવે કુંજે બેઠાં દીઠાં રાધા જાણ્યું ગોપીએ કૃષ્ણજી લાધ્યા,
ગોપી ગોપીને પુછે બ્હેની ત્હારા કૃષ્ણ ગયા કયાં કહેની. ૬
સુણી સાહેલીઓની વાણી બોલી રાધા શ્વાસ ભરાણી,
બ્હેની મને ખબર નથી કાંઇ સાથે લીધી હતી ગયા વાડી; ૭
કોણ જાણે શો અવગુણ જાણી ગયા કંથ બોલ્યા વિણ વાણી;
એવા કઠણ થઇને કંથે બાઇ પડતી મુકી મને પંથે. ૮
ગયા એકલડીરે મુકી રોતાં શ્વાસ ગયો બેની સુકી,
ઠામઠામે વનમાં જોઇ પડી વિપતિ મુજને પાકી. ૯
વનમાં મધ્ય રાતે હરીનેજાવુ ઘટે ન પ્રીત કરીને,
વન મુકી જવું પ્રીતી કરી બરાબર જવું પ્રાણ હરી. ૧૦
પ્રીતીપદ સાંભળીયા શું મ્હોટું પણ તાત્વણીનું દુઃખ ખોટું,
પાછી બાળાઓ ખોળવા ચાલી કંઠ બાંહ્ય પરસ્પર ઘાલી. ૧૧
ભોળે કૃષ્ણ ગોપી અલબેલી પુછે તરૂ કુંજને વેલી,

કહો કોણે કૃષ્ણ અમારા જોયા કોની પ્રીતમાં શામળા સોવા. ૧૨
શોધ શોકથી હરી ન હાર્યાં ત્યારે બાળાએ વિચાર ધાર્યા,
મુકે નહીં હરી જ્યારે છળ ચાલો પડીયે જઈ યમુના જળ. ૧૩
કર્યો નિશ્ચય પ્રાણુરે તજવા ચાલી ગોપીયો જળમાંરે પડવા,
આવી પ્રીતી જ્યાં જાણી સાચી કૃષ્ણ થયા મનમાં રાજી. ૧૪
હરએ ગુપ્ત સ્થળનું ભાન ભુલી મોરલી વગાડી કરી ગાન,
સુણી નાદ મોરલીનો બગીચો ધાઇ સાથ ગોપીનો મળીયો. ૧૫
ફરી રાસ ક્રીડા શરૂ કરવા લાગ્યા ગોપ ગોપીને ગોઠવવા
સુર સારી રીગ વગાડે રીગ ગમ ગોપીને બોલાવે. ૧૬
ગમ મપ પધ ધની ચડતાં નીચી સા સુધી પાછા ઉતરતાં
અનેક રૂપથી ગોપીયો સાથ વ્હાલા નાચે કંઠે મુકી હાથ. ૧૭
નાચ જોઇ ઉદધીમાંથી છટકી ઇંદુ ખગમાં રહે છે અટકી.
રાખી વ્યોમ મહીરે વીમાન સુર આવ્યા મુકી અભિમાન. ૧૮
રંગ બેરંગી પુષ્પે વધાવે રાસ ક્રીડાને શીર નમાવે,
સુર સરવે મનમાં શોચે સુરપણાને તુચ્છ આ લોચે. ૧૯
સુર ઢાળે નયણે આંસુ કહે ગોપ વિના જીવન ફાંસુ,
જન્મ્યા હોત જો ગોપની રીતે રમત આપણે પણ રાસ પ્રીતે. ૨૦
એવી લીલા હરીનીરે શોભે જોઇ મનડું મુનીવર લોભે,
આવી પ્રભુજીની લીલા ભારી ગાતાં પવીત્ર થશે નરનારી. ૨૧

વારી જાઉંરે વિશ્વમાં વ્રજપર વારી જાઉં
નિરગુણ થયોરે સગુણ ગુણ તેના ગઉં.
પુર્ણાનંદરે નિરગુણ બ્રહ્મ થયો ખરે;

ગુણુ ત્હેનારે ગાઈ પ્રાણી ભવસાગર તરે.

આ લીલા કહુ જે હવે સાંભળ રાય પુમ્રાન,
પામે શ્રેતાજનો મહી કાળી નાગનુ જ્ઞાન.
શા કારણુ શી રીતથી નાથ્યાં તે વિશધર;
ક્યાં આગળ કોના કહેવાથી લાવ્યાતા ગિરધર.

(રંગતાળી રંગતાળી રંગતાળીરે રંગમાં રંગતાળી.)

મન માન પ્રભુજી બ્રહ્મછેરે,
એણે રૂપ ધર્યુંછે સાકાર. મન માન પ્રભુજી૦ ૧
સુંદર રૂપ જોઈ મહાસાજતુંરે,
બધો મોહી રહયો સંસાર. પ્રભુજી૦ ૨
એણે માર્યો સંખાસુર સિંધુમાંરે,
મચ્છ રૂપે તે વાલા વેદ. પ્રભુજી૦ ૩
વાલો ચારે ગોકુળમાં ગાયોરે,
એનો કોઈ ન જાણે ભેદ. પ્રભુજી૦ ૪
જેણે કુર્મ રૂપે સિંધુ મથ્યોરે,
રત્નો ચૌદ તે કાઢયાં બ્હાર. પ્રભુજી૦ ૫
વારાટ રૂપે થઈ વસુમતીરે,
રાખી કાળા ગ્રેહ મોઝાર. પ્રભુજી૦ ૬
નીજભક્ત પ્રલ્હાદ ઉગારીયોરે,
ફાડી સ્તંભ થયા નરસિંહ. પ્રભુજી૦ ૭

વામનરૂપે થઈ બળીરાયનેરે,
પાતાળ ચાંપ્યો વધારી અંગ. પ્રભુજી૦ ૮
દક્ષિણ કરે ધરી છે ફરસીરે,
અસુર પતિ માર્યા કરી રીસ. પ્રભુજી૦ ૯
જેણે સક્યા સમુદ્રે તારીરે,
રોળ્યાં દશાનનાં દસ શીશ. પ્રભુજી૦ ૧૦
જેણે વ્રજ ઉપરાંત વૃંદ ભોમમાંરે,
લીધો નટવર વેશ વિચિત્ર. પ્રભુજી૦ ૧૧
ગોપ રૂપે ગોવરધન તોળીયોરે,
કીધાં અસંખ્ય એવાં ચરીત્ર. પ્રભુજી૦ ૧૨
બુદ્ધા અવતાર ધરી કળજુગમાંરે,
બેઠા હાથ ગ્રહી જપમાળ. પ્રભુજી૦ ૧૩
બેઠા ધ્યાન ધરી પરિ બ્રહ્મનુંરે,
ગોવાળ બેઠા બની ગોપાળ. પ્રભુજી૦ ૧૪
પછી અશ્વ કલંકી અવતરીરે,
ફર્યા ખંડ નવે નિરધાર. પ્રભુજી૦ ૧૫
સદ્ય કરી નિષ્કલંકી ભોમીનેરે,
કર્યો દુષ્ટ તણો સંહાર. પ્રભુજી૦ ૧૬
અંત આદિ નીરંજન આ૦યારે,
કહાવે નિરગુણ ને નિરાકાર. પ્રભુજી૦ ૧૭
વાસો શ્વાસે શ્વાસ શરીરમાંરે,
આપોઆપ પ્રભુ મુરાર. પ્રભુજી૦ ૧૮
નાથ નંદ તણા સુત કહાવીયારે,

માથે પીંછ ધગ્તા મોર. પ્રભુજી૦ ૧૯
જેનું દુર્લભ દર્શન ભકતનેરે,
થાયે મુમુક્ષુ જનના ચોર. પ્રભુજી૦ ૨૦
કંઠે માળા કુસુમની છે ધરીરે,
પાયે પાદુકા લાકડી હાથ. પ્રભુજી૦ ૨૧
વન ધેનુ ચરાવે નંદનીરે,
એવો ત્રૈણ, ભુવનનો નાથ. પ્રભુજી૦ ૨૨
સુની નારદે જઈ કહ્યું કંસનેરે
કેમ બેઠા ઓ ચુપ અજાણ. પ્રભુજી૦ ૨૩
ત્હારો શત્રુ ગોકુળ સુત નંદનોરે,
મારે રાજા તને નિરવાણ. પ્રભુજી૦ ૨૪
એવું સુણી કંશ ક્રોધે ભર્યોરે,
તેણે તેડાવ્યા નિજ પરધાન. પ્રભુજી૦ ૨૫
મંત્રી શત્રુ થયો સુત નંદનોરે,
કાઢો યુકતી હવે બુદ્ધિવાન. પ્રભુજી૦ ૨૬
ત્યારે મંત્રીએ મનમાં ત્રેવડયુંરે,
કાળી ગ્રેહમાં કમળ અપાર. પ્રભુજી૦ ૨૭
નંદને પત્ર લખી મંગાવીએરે,
લેવા જાશે તે કૃષ્ણ કુમાર. પ્રભુજી૦ ૨૮
ત્યાંહાં કાળી નાગ વાસો વસેરે,
જેમાં હતું હળાહળ ઝેહેર પ્રભુજી૦ ૨૯
તેમાં જાણે અજાણે જે પડેરે,
તે તો પાછો ન આવે ઘેર. પ્રભુજી૦ ૩૦

એવું ધારીને મનથી ભુપતીરે,
લખ્યું નંદજીને તત્કાળ. પ્રભુજી૦ ૩૧
કાળી જળથી કમળ મંગાવજોરે,
તે આપે લાવીને કાંન ગોવાળ. પ્રભુજી૦ ૩૨
લખેલ પત્ર પહોંચ્યો કર નંદનેરે,
મન ચિંતા પડી તતખેવ. પ્રભુજી૦ ૩૩
પુત્ર કાળી દ્રહમાં કેમ મોકલુંરે,
પેશી શકે ન જ્યાં સુર દેવ. પ્રભુજી૦ ૩૪
એવી વાત સાંભળી પરસ્પરેરે,
કૃષ્ણે મન કર્યો વિચાર. પ્રભુજી૦ ૩૫
ચાલ્યા ગેડી દડા ગ્રહી હાથમાંરે,
મસે રમવા તણા તેણીવાર. પ્રભુજી૦ ૩૬
રમે નાંખ્યો દડો ઝીલી દોડવુંરે,
નાખતાં ગયો કાળી દ્રહમાંહી. પ્રભુજી૦ ૩૭
કુદી ડાળે કદમની જઈ ચઢયારે,
ઝંપાપાત કર્યો જળમાંહી. પ્રભુજી૦ ૩૮
દેખી ગોપ ગયા ઘેર નંદનેરે,
કહે તાત થયો ઉતપાત. પ્રભુજી૦ ૩૯
કૃષ્ણે કાલંદ્રીમાં ઝપલાવીયુંરે,
સુણી વ્યાકુળ થયાં માત તાત. પ્રભુજી૦ ૪૦
લોક સઘળા મળ્યા વ્રજભોમનારે,
કરે શોક કાલીંદ્રીને ઘાટ. પ્રભુજી૦ ૪૧.
પ્રાણી માત્રની આંખે આંસુ ઝરેરે

મન મોહનજીને માટ. પ્રભુજી૦ ૪૨
પ્રભુ અંતર ઉભા નીરમાંરે,
મન ચિંતવે શામ સુજાણ. પ્રભુજી- ૪૩
જાણ્યું માત ઝંપાવશે નીરમાંરે,
પણ પુરણ વ્હાલા છે પ્રાણ. પ્રભુજી૦ ૪૪
પછી કૃષ્ણ પધાર્યા નિરમાંરે,
જ્યાં કાળી તે નાગનું ધામ. પ્રભુજી૦ ૪૫
દીઠા નાગણીએ નંદલાલનેરે,
ઉભી રહી કરીને પ્રણામ. પ્રભુજી૦ ૪૬

નાગણી વિસ્મય થઈ રહી રૂપ નીહાળી ત્યાંહી,
કહે બાળક કયાં આવીયો કાલીંદી નીરમાંહી.

(જનુની જીવોરે ગોપીચંદની.)

નાગણી વીસ્મય થઈ રહી રૂપ નિહાળી બાળજી,
પુછે કે કયાં થકી આવીયો કોણે નાંખ્યો જંજાળજી. નાગણી. ૧
કોણે તુને આ નીરમાં નાંખ્યો ભુલાવી ઘાટજી,
જાજે બાળક ઘેરે તાહરે માતા જુવે છે વાટજી. નાગણી. ૨
નીર હલાહલ ઝેરમાં નાંખ્યો કરવાને ઘાતજી,
શું રૂપ સુંદર તાહરૂં! કરો રક્ષા જગત તાતજી. નાગણી ૩
આંખ અનુપમ તાહરી પંકજ પત્ર સમાનજી,
અંગ સૌ સુંદર ઓપતાં લાગ મદન સમાનજી. નાગણી. ૪
ચૌદ ભુવન ત્રણે લોકમાં રૂપ એવું ન દેખુજી,

અશ્વની આગળ તાહરી ખરે તુચ્છ હું લેખુજી. નાગણી. ૫
શીવ શકતીએ ઉપજાવીયો કે શુ આપો આપજી,
પ્રગટયો અરે કે' બાળતું સર સંદેહ માગજી. નાગણી. ૬
કોણ ગામથી આવીયો કોણ માયને બાપજી,
કોણ કારણ જળમાં પડયો કોણ જાતને નામજી. નાગણી. ૭
કેમ આવ્યો કાળી ગ્રેહમાં એવો શું પડયો ભારજી,
વેણુ દટુ કોણે કહ્યું પડયો જળ મોઝારજી. નાગણી. ૮
સાચું કહેને ઓ શાંમળા વાત પુછી વિસ્તારીજી,
બહાર મુકું કાળી નીરથી જ્યાં છે માતાજી તારીજી. નાગણી. ૯
વ્હેલા વળો બાળ બાલુડા નવ રે'વાનો લાગજી,
વિતે વખત વાતમાં અરે જાગશે કાળી નાગજી. નાગણી. ૧૦
સુણ કહુ નાર નાગની તેં જે વાત વિચારીજી,
દેશ તે વ્રજ અમારડો માતા યશોદા મારીજી. સુણ. ૧૧
પુત્ર હું નંદરાયનો ગામ ગોકુળે વાસજી,
જળમાં પડયો કંશ કાજ હું લેવા કમળ તે ખાસજી. સુણ. ૧૨
છંદ એ છોડો છેલડા નહી એમાં સારજી,
નાગ કાળી ઝેર કારમું કેહતાં આવે ન પારજી. નાગણી. ૧૩
માનો સામળીઆ માહરૂં રૂપે આવે છે મેરજી,
પ્રાણ જીવન ઓ પાતળા કરે નામનો કેરજી. નાગણી. ૧૪
મીટે મોહનજી તાહરી વિંધ્યાં અમારાં મનજી,
વિહ્વળ તેથી છું વીઠલા કરૂં કેમ જતનજી. નાગણી. ૧૫
સુંદર વદન સકોમળે બોલે મધુરી તું વાણુજી,
નિત્ય હું નિરખું તુજને વ્હાલા પ્રાણના પ્રાણુજી. નાગણી. ૧૬

નાથ જંતુ અમે જળ તણાં સ્થળે રહો રણછોડજી,
વાત કંઈ પેર તે બને પુરવા મનના મુજ કોડજી. નાગણી. ૧૭
અળગા કનૈયા રે થતાં જાયે કેમ તે રેનજી,
ચાલ મધુરી હારી બોલે અમૃત વેણજી. નાગણી. ૧૮
માની કહ્યું પ્રાણ મ્હારા જાઓ જળમાંથી બ્હારજી,
બળવત્ સ્વામી અમારડો અમો અબળા નારજી. નાગણી. ૧૯.
સર્પ જોરાવર જોધ છે જાણો ઝેરનું ઝાડજી,
ઝેર ઝરે નયને સદા ફુંકે ફાટે છે પહાડજી. નાગણી. ૨૦
સર્પ દેખીને છળી મરો બહુ રૂપ પ્રચંડજી,
ઝેર વદનની ઝાળથી ફુંકે ફાટે બ્રહ્માંડજી. નાગણી. ૨૧
એવું સુણી પછી કૃષ્ણજી બોલ્યા મુખે વાણીજી,
સાંભળ નાગણી વાત જે કહુ સત્ય તે જાણજી, સુણ તુ નારી. નાગણી. ૨૨
કમળ લેવાને હું આવીયો માતુલ કેરેરે કાજજી,
નથી તે વાત વિલંબની લઈ જાવું છે આજજી. સુણ. ૨૩
જગાડ નાગને તાહરા મ્હારે ત્હેના શુ કામજી,
પુજ્ું હું કે પછી તે પુજે જાણી માહરૂં નામજી. સુણ. ૨૪
જળ કમળ વિણ નહી કદી જાઉં જળની બ્હારજી,
સાર સંસાર એજ છે વિણ કમળ અસારજી. સુણ. ૨૫
ત્યારે વદી વેણ નાગણી વ્હાલા ઉરમાં આલોચોજી,
કમળ રહે નાગ શીરપરે વાત લેવાને છોડોજી. નાગણી. ૨૬
નાગ જોતાં કાયા ધ્રુજશે છુટે જીવનની આશજી,
ઝેર ફુંકે ઝાંખો કરી બાંધે શરીરનો પાશજી. નાગણી. ૨૭
બંધ બાંધીને શરીરરે પીડે પાપી અગાધજી,

માટે મુકી હઠ છેલડા વળો પાછા હો નાથજી. નાગણી. ૨૮
નાગણીનાં વેણ સાંભળી બોલ્યા કુંવર કાનજી,
શાને ડરે નાર નાગણી જગાડ તારા પ્રાણજી. નાગણી. ૨૯
બાળ લેખી કદી મુજને હશે ડરતી તું જાણુંજી,
મારા મને તુજ નાગને કણ સર્પતો માનુંજી. સુણ. ૩૦
એવા હરાત્રે શું મુ..તે એનું હૈયે શું જોરજી,
શાને તારો નાગ મનમડી રાખે એટલો તોરજી. સુણ. ૩૧
વાદ સુણી નારી કૃષ્ણનો જાગ્યો વ્યાલ વિક્રાળજી,
તેણે ફુંફાડો જ્યાં કર્યો ડોલ્યા દશ દિગપાળજી; સુણ ૩૨
જોરે બાઝયો જુગદીશને વિંટી લીધું શરીરજી,
આખે ડીલે વિશધર દીસે દીસે નહી યદુવીરજી; સુણ ૩૩
મન વિચારીને કૃષ્ણએ વધાર્યું ત્યાં શરીરજી,
શીઘ્ર છુટી શકયો નાગના તુટયા સાંધા શરીરજી સુણ ૩૪
દેખી દુઃખી પતી પ્રાણને લાગે નારીઓ પયજી,
પાળો પ્રભુ ભરથારને કરો ક્ષમા અન્યાયજી; સુણ ૩૫
ઓળખ્યા નારીરે અલબેલડા ચૌદ ભુવનના નાથજી,
પુરણ પ્રભુ પુરશોતમા અદભુત તારૂં રૂપજી, સુણ ૩૬
દેવ દાનવ હામ ના ધરે જાવા કાલીંદ્રી માંહજી
ઝેર હળાહળ જ્યાં રહે પામે ગરૂડથી ભયજી; સુણ ૩૭
વિશ્વંભરા વિશ્વતાત છો ભુવન ત્રણ પ્રતિ પાળજી,
દયા કરો દિનબંધુજી વ્યાકુળ થયા છે વ્યાલજી; સુણ ૩૮
સુણી સ્તવન નાગ નારનું ઉપન્ન થઇ છે દયાયજી,
હાથ ગ્રહી નાક નાગનુ ઘાલી નાથ તે માંહજી; સુણ ૩૯

ફુલ કુમદની વૈલનો ભર્યો ભારો શીરજી,
આસન વાળી બેસી ઉપરે કાઢયો નીરથી બ્હારજી; સુણ ૪૦

વસંત.

ચાલ્યા ભરી શીર પરે ફુલ ભાર જ્યારે
ટોળે મળી સરવ નાગની નાર ત્યારે,
દેખી થતી અગન પન્નગના શરીરે,
નારી સ્તવે હરી હરા લળી લળીને; ૧

લલિત.

અરર દુઃખ આ શું પડયું અરે જીવન નાગનું નાશ થાયરે.
હરી હરા કૃપા હું પરે કરી ભુલ ક્ષમા કરો નાગની જરી ૧
હદ થઈ હવે તાતજી ખરે પતિ દુઃખે સૌ નારીઓ રડે
વિનતી ધારીને ઉરમાં હરે પ્રભુ ક્ષમા કરો વાંક હાયરે. ૨
ગરવ જે હતો નાગના દીલે કંઇજ તેહનું ના હવે ગળે.
પ્રણમી હે પ્રભુ પાદ તાહરા, વિનવીએ તને હે હરીહરા. ૩

ત્યારે કૃષ્ણજી બોલીયા તું સાંભળ નાગની નાર,
જઈ ગોકુળ તુંજ કંથને માન મુકુ નિરધાર ૧
એવું કહીને કૃષ્ણજી તે ચાલ્યા નીરથી બ્હારજી.
ધેન ચરાવતા ગોવાળો એ દીઠા જદુ કુમારજી. ૨
દોડી ગયા કંઇક ગોવાળો નંદયશોદા પાસ.
કહે કાળિદ્રીથી કૃષ્ણ પધાર્યા ભર્યો છે મુખે હાસ. ૩
સાંભળી નંદ યશોદા દોડયાં જોવા જુગ જીવન.

કૃષ્ણ આવ્યા જાણીને થયું છે શીતળ તન. ૪
ગામ તણી ભાગોળે આવી દુરથી દીઠા પુત્ર.
વ્યાલ ઉપરે બેઠેલા દેખી કોઇ જાય નહી સુત્ર ૫
જાણે જીવણને કયારે ભેટુ હૈડે ભરાણુ હેત.
વ્યાલ વિષ ધર જ્યાં નીહાલ્યો હ્રદય થયો સંકેત, ૬
કમળ વેલ ભરેલી લાવ્યા કહો એટલું શું કામ,
વારી નાંખુ વિઠલા એમ બોલે આખુ ગામ. ૭
આવિશધરને નાથ્યાનું કામ ઘણું ભારે.
બાલ્યાવસ્થા હજી તમારી વાહ કૃષ્ણ કીશોર. ૮
આજ સફળ દિન નયણે દીઠા સહુ આનંદાનંદ,
અંધાધુંધ હતું ગોકુળીયું ઉગ્યો તેમાં ચંદ. ૯
પછી પ્રભુ પુષ્પ ઉતારી સર્પને દીધી શીખ,
આજ થકી નીજ સ્થાનક જાજો નહી ગરૂડની બીક. ૧૦
કમળ લઈ શ્રી કૃષ્ણ પધાર્યા ભાગ્યો સર્વે શોક,
નાગ નાથ્યાની વાત સાંભળી થયા વિસ્મય લોક. ૧૧

કાળી નીરથી કૃષ્ણજી આવ્યારે.
મણી મૌકતીક હારે વધાવ્યારે, ૧
મળી ગોપીઓ ઘર ઘર ટોળેરે.
કુમ કુમ કેશર ચંદન ઘોળેરે, ૨
જોઇ મુખ મોહનનું રાજેરે.
આંખે અંજન રૂડુ આંજેરે, ૩
કુસુમ માલ મનોહર અરપેરે,

માંખણ મીસરી સહુકો સમરપેરે, ૫
જે દીન દિન દયાળને દેખુરે,
દિવસ દિવસમાંહી હું લેખુરે.
આપણે અંબાજીને આરાધ્યાંરે.
સાધન શ્રધા ધરીને સાધ્યાંરે. ૬
નવ દુર્ગા હવે નોતર શુરે.
નવ દિન નવે રાત્રી કરશુંરે, ૭
નિર હળા હળ ઝેરમાં જઈનેરે.
લાવ્યા કમળને ભાસે ભરીનેરે ૮
સર્પ પ્રબળ બળી બહુ કાળીરે.
વિષ જવાળે નાંખે સહુ બાળીરે, ૯
જાતાં દેવ ભુલે જીવ આસરે.
એવો તૈલોક્યમાં તેનો ત્રાસરે, ૧૦
નાથ્યો વિષ ધર નાસિકા તાણીરે.
લાવ્યા વેણી કુમુદની તાણીરે, ૧૧
મામે કપટની બાજી માંડીરે,
હવે આશ ઉગરવાની છાંડીરે. ૧૨
મોકલ્યા જળમાં જહેર જાણીરે,
તોયે લાવ્યાં છે પુષ્પો આણીરે, ૧૩
તોરણ પુષ્પનાં બાંધો લીલાંરે.
કૃષ્ણે પુષ્પ આપ્યાં લાલ પીળાંરે, ૧૪
રમો રાસ દધિદુધ છાંટોરે.
પુષ્પ દડા—એકે એક શું આંકેરે, ૧૫

સહુ આનંદ મંગળે વરતોરે,
દીધો પ્રભુએ પાક્કા પરતોરે. ૧૬
આપણે વ્રજવેશે અવતરીઆરે,
પુર્વે સુકૃત સારાં આચરીયારે. ૧૭
આપણે વીઠલવરને વરીયાંરે.
આપ માટે હરી અવતરીઆરે. ૧૮
સહુએ પ્હેર્યો અખંડ ચુડોરે
વર્યાં રાધા રઘુવર રૂડોરે. ૧૯
શ્યામરૂપ સુકોમળ કાયારે.
ધન્ય ધન્ય યશોમતી જાયારે. ૨૦

કેવી રીતે હરીને હું જીતુ કંસે કરે વિચાર;
આ ટાણે એ નાશ ન પામે તો મારે મને નિરધાર, ૧
જે દિવસથી નારદે આવી ઝેરને તાજુ કીધું;
તે દહાડાથી ચટપટ લાગી કેમ કરી એને ભેદું ૨
ધારી એવું અસુર મોકલીયા હરીને છળવા બળીયા,
સામળીયાંયે ત્યાંજ સંહાર્યા કોઇ પાછા ન વળીયા; ૩
મંત્રી સાથે વિચાર કરીને કાળીંદ્રીના જળથી,
કૃષ્ણજી પાસે કમળ મંગાવ્યા ઝેર હળાહળ જળથી; ૪
કૃષ્ણે કમળ તે કાઢી નીરથી આણી આપ્યાં તત્કાળ
નાગ નાથ્યોને કંસને જણાવ્યું જાણુતો નહી બાળ, ૫
સર્વે આ જોઇને કંસ તે કંપ્યોં જીવ્યાની આશા ફોક;
ફરી વિમાસણ અક્રુર તેડ્યા, ધરી મનમાં શોક.

અક્રૂર પ્રત્યે મહીપત બોલ્યા સાંભળો મારા તાત;
જઇ ગોકળીયે તેડી લાવો રામ કૃષ્ણ બેઉ ભ્રાત ૭
નંદ યશોદાના એ પુત્રો કહાવે મહા બળવંત,
તેણે અમ સાથે વેર વસાવ્યું એ ચિંતા મુજમન; ૮
તે માટે તેઓને લાવો નંદતણા ઘેર જઇને,
જોનામાને તો સંભળાવો ચતુર વિધી કરીને; ૯
એવું સુણી અક્રુર ઉઠ્યા ઘેર આવી રથ જોડ્યા,
સાંજ પડતાં ગોકુળ જઇને નંદ તણે ઘર છોડ્યા. ૧૦
નંદજી અક્રૂરને નિહાળી આવી ચરણે લાગ્યા.
ભલે પધાર્યા રહો સ્વામી આવો બેઠીયે આગ્રા ૧૧
એવું આસન આપી આદર દૈને પ્રેમ ધરીને પોષ્યા,
વા વીંઝન જળધારા આપી પુરણ પંડ સંતોષ્યા. ૧૨
બેઉ કર જોડી નંદજી પુછે કહો સ્વામી જે કાજ,
કૃપા કરીને પોતે પધાર્યા અમ દુરભાગ ઘર આજ; ૧૩
ત્યારે મુખે અક્રૂરજી બોલ્યા સાંભળો શ્રી નંદરાયે,
રાજા કંશજી યજ્ઞ જમાવે પધારો પુત્રોની સાથે ૧૪
પહેલાં તમ પાસે કમળ મંગાવ્યાં તે આણી આપ્યાં તત્કાળ,
વાત સાંભળી નાગ નાથ્યાની વિસ્મય થયા ભુપાળ; ૧૫
રૂષી નારદે આવી સમજાવ્યું તે વ્રજ ભગીની બાળ,
ભાણેજને તેડી મંગાવો હેતે ભેટો તત્કાળ; ૧૬
પુત્ર તમારા મહા બળવંતા કૃષ્ણ કુંવર બળરામ,
તેને મથુરાં તે તજવાને હું આવ્યો તે કામ; ૧૭
એવું સુણીને નંદજી બોલ્યા એ શું કહો અક્રૂર,

બે પુત્રો બે આંખ અમારી કેમ કરી શકું દુર; ૧૮
રાજા જો માગે અશ્વને ધેનું કે કહી રાજને ગામ,
સઉ વારી નાંખુ હુ પળમાં ન છાડું હરી રામ; ૧૯
અમો આહીરડા વ્રજના વાસી ગોરસ વેચી જીવું,
જાણુ નહી જાનિતિ રાજાની ભુપતી જોતાં બીવું; ૨૦
કંસના મનમાં કુડ કપટ છે તેડાવ્યા મળવા બાને.
તેટલા માટે હે અક્રુરજી મન મોકલતાં ન માને; ૨૧
વળતાં અક્રુર નંદને કહે કે એને પુત્ર મા જાણો,
કારણરૂપ અવતર્યા છે રામ દેવરૂપે પરમાણો; ૨૨
એવું કહીને આગ્ના માગી બેઠા રથે બે વિર
ગોપગોપીને અત્રધ કરીને આવ્યા યમુના તીર; ૨૩
પ્રાત: સમે જળ ક્રીડા કરતાં દાખવી અક્રુર માયા,
બે જણુ રથમાં બે જણુ જળમાં પળમાં કરી ચાર કાયા; ૨૪
ત્યારે અક્રુરે મનમાં ધાર્યું જે કંસે ખરે મોકલ માગ્યું,
પર બ્રહ્મનું મને દર્શન મળીયું પુન્ય પુર્વનું જાગ્યું. ૨૫
વળતા ત્યાંથી રથે બેસીને રાજ મારગ પરવરિયા,
નેણે આવીને વંદન કીધાં ત્હેને ઘેર સંચરીયા; ૨૬
યમુના તીરે પરિક્ષ્ટ મળ્યાં ત્હેનાં વસ્ત્ર લીધાં દોડી,
ક્રુર વાયક જે કોઈ બોલ્યા ત્હેનાં મસ્તક નાંખ્યાં ફોડી; ૨૭
હાક વાગી પછી નગરમાં હરી હળધર આવ્યા,
કંસાસુરે ત્રાસ ધરીને દ્વાર સરવ દેવરાવ્યાં; ૨૮
ત્યારે જદુપતી ક્રોધ કરીને રથથી ઉતર્યા હેરા,
[illegible] જઈ પગ ચલાળી પોળને માર્યાં પેઠા; ૨૯

પોળ સમીપે દ્વારની પાસે મલ્લમળીયા બે બળીયા,
મુષ્ટી પ્રહારે મારવા માંડયાં પશુની પઠે પળીયા: ૩૦
આગળ જાતાં ચંદન લઇને મળી છે કુબ્જા દાશી,
ચંદન ચર્ચી હાર પે'રાવ્યાં, ધન્ય મથુરાંવાશી, ૩૧
મોહન મારે મંદિર રે'વા વચન આપો વનમાળી;
કૃપા કરીને માગ્યું આપ્યું વાણી પોતાની પાળી; ૩૨
મુસ્તક કર મોહનનો અડતાંરૂપ બન્યું શું બાળ,
સુંદર કાય સકોમળ થઈ ને રૂપ બન્યું છે રસાળ; ૩૩
કંસે મોટા મેગળ બાંધ્યા મહામદવાળા આણી.
સુંઢ તાણીને પછાડયા લીધા દંતુશળ તાણી; ૩૪
ચાલ્યાં ત્યાંથી મહેલ મામાને માતુલ જાણી મળવા,
ભાણેજોને આવતા જાણી માંડયું કંસે પળવા; ૩૫
કહે જદુપતી હાથજ ઝાલી સાંભળ મામા કંસ;
હત્યાઓ ત્હેં ઘણીજ લીધી કરી બેનની સુતના ધ્વંસ ૩૬
તુજ ત્રાસે મ્હેં ગોકુળ સેવ્યું નંદ યશોદા ઘેર,
બાળ હત્યાઓ હાથે કરતાં ન આવી મામા મ્હેર ૩૭
એમ કહીને ચરણે ચાંપ્યો પ્રાણ હર્યાં તત્કાળ,
જોઇ રહ્યા જે બેઠેલા ત્યાં રાયતણા રખવાળ ૩૮
તે સૌને પણ મોક્ષ પમાડયા કામ ન રાખ્યું કાચું,
સ્વર્ગના વાસી કર્યાં સહુને સગપણ જાણી સાચું; ૪૦
કંસના તે હસ્ત ગ્રહીને ઘણો ઘણો વિંઝોળ્યો,
ચરણે ચાંપી ત્હેને ચકલે ચૌટે રગદોળ્યો; ૪૦
પછી પ્રભુએ માત પીતાને કાળા ગ્રેહથી કાઢ્યાં.
કુંવર ઉગ્રસેનને રાજ્ય આપ્યું દેવે નીશાન વગાડ્યાં. ૪૨

ઢાળ.

પુષ્પ વૃષ્ટી કરે દેવતા વિમાન રાખી વ્યોમ,
કહે ભાર ઉતાર્યો અસુરોનો સ્થિર કીધી ભોમ; ૧
સાર લેઈ સંત સરવે વખાણે ત્રીકમ ટેવ
જય જય જય જયકાર બોલે ઇંદ્ર આદિ દેવ; ૨
કૃષ્ણુજીએ કંસ માર્યો મહા પ્રબલ રાજન
અનેક અસુરનું પણ સાથે ઉતાર્યું અભિમાન; ૩
કંસ તણી પટરાણી જરાસંઘ દુહીતા,
વિધવા થઇ મૈયરીયે ચાલી ધરી મનમાં ચિંતા; ૪
પીતા પ્રત્યે વદે પુત્રી કરી આંસુ પાત,
જગત માંહે ધિક તારો જન્મ જાણું તાત; ૫
કુશળ તું બેઠો જહાં નંદ ગોવાળ કોણ માત્ર,
જાંબુક જેવા તેમણે હણ્યો તુજ કેશરી જામાત્ર; ૬
સુણી એવાં વચનો ઉઠયો ભુપ ધરી મન રીસ,
સૈન્ય બળવંત કર્યું એકઠું થયું ક્ષોણીત્ર વીસ; ૭
માર ઝપાટે ગયો મથુરાં જ્યાં વસ્યા યદુનાથ,
રામકૃષ્ણે ભેઠ લઇને દેખાડયા નિજ હાથ ૮
ફરીવાર અધર્મી ચઢી આવ્યો દુર બુદ્ધ,
નગ્ર વાસી કહે પ્રભુને કેમ થાય છે યુદ્ધ ૯
તમો રાજા સબળ છો તે કરો યુદ્ધ નિશંક,
પિડા ભોગવે પુરના લોકો કહો તેનો શો વાંક; ૧૦
એવું સુણી કૃષ્ણુજીએ કરી માયા મંત્ર,

નગર મથુરાં ગયું ફરીને થયો દ્વારકાં તંત્ર; ૧૧
કનક રત્ન જડીત્ર શોભે ઝગ ઝગે બહુ જોત,
મંદિરો સૌ પુરમાંહીનાં શોભે બહુ ઉદ્યોત; ૧૨
અહૃક્ષણનું મોહાસ્ત્ર મુકી નિદ્રા પમાડયા લોક,
જાગી જોતા દ્વારકાં કહે આસત્ય સ્વપ્નું કે ફોક ૧૩
વિસ્મય થઇ વિચાર કરે છે સર્વ નગરના લોક
જાણ્યું લિલા કૃસ્નુ જીની આગ્યો મનનો શોક; ૧૪
પછી કૃષ્ણે કલમ ઝાલી લખવા માંડી વાત
દેશ દેશનાં સૈન્ય તેડાવ્યાં ત્રીલોક ચાલી ખ્યાત; ૧૫
યુદ્ધ તુમુલ જ્યાં થયું કૃષ્ણે કીધો ગુફામાં વાસ,
ગુમ થયો એક્યાં હશે કહે સોધો ચારેપાસ; ૧૬
જરા સંધને જ્યારે ના જડયો તે કહે થયો એ નાસ,
એમ ધારે એટલે કૃષ્ણુજીએ કીધું રૂપ પ્રકાશ ૧૭
ફરી ચિંતામાં નૃપ પડીયો સુજે ન કોઈ કર્મ,
કાળ જીવને કહાવીગો શ્રી કૃષ્ણુજીનો મર્મ; ૧૮
મહા પ્રબળ ઉતાવળો છે સુત નંદનો સુર,
ચેતા ચેતાવુ આગાણે કરે તુજને ચુર; ૧૯
એવું સુણી અસુર કોપ્યો ચઢયો તેપર કાળ,
એવો પ્રબળ કોણ છે એની આપો મુને ભાળ; ૨૦
ત્યારે તેને જરાસંધે દાખવ્યું એંધાણ,
માથે મુગટ કીશોર નટવર વર્ણ મેઘ પ્રમાણ; ૨૧
આવ્યો ત્યાંથી ખોળતો તે રૂપ ધારી મન,
ત્યાં પ્રભુજી પ્રગટીયા મુખ દાખવ્યું દરશન; ૨૨

એવામાં અસુરની દ્રષ્ટે પડીયા દુરથી યદુરાય,
દોટ દઇને ધસ્યો પાપી ક્રોધ ધરી મનમાંય; ૨૩
મહારાજે મનધારીયું એ નહી મરે આ કાળ,
નાથ નાઠા અસુર આગળ ત્રીલોકના પ્રતીપાળ; ૨૪
સહુ આવ્યા સોરઠે ગીરીરાય પર્વતમાંય,
ગુફામાં મુસકંદ પોઢયા આવી ઉભા ત્યાંય; ૨૫
પિતાંબર લઈ અંગનુ ઢાંકયું શરીર રૂખીરાય,
અસુર આવી પોંચીયો જોઈ થઇ શીતળ કાય; ૨૬
મન મહી જાણીયું છે સુઇ રહ્યા શ્રીરંગ,
પ્રાહાર પાટુનો કરૂં કરવા શત્રુનો ભંગ; ૨૭
ધારી લાંબા ચરણ કરીને પ્રાહાર કીધો પ્રૌઢ,
લાત વાગી હૃદયમાંહી મુની થયા દિગમુઢ; ૨૮
વખત જતાં મુર્છાથી જાગ્યા લાગી નયનની ઝાળ,
અસુર સામી દ્રષ્ટ કરતાં ભસ્મ થયો તત્કાળ; ૨૯
કાળ અસુરનો આવી રહ્યો ને પ્રગટયા પુર્ણાનંદ,
આપી વર વૈકુંઠમાંહે મોકલ્યા મુસકંદ; ૩૦

મુનિ મુસકંદ પવિત્રને આપ્યું વૈકુંઠ ધામ,
પછી પધાર્યા દ્વારકાં શ્રીકૃષ્ણને બળરામ;

કૃષ્ણાવતાર થયો અવનિપર સતસમરત ઉગાર્યા,
ભાર હતો જે ભુમીનો તે દૈત્ય અસુરો માર્યા, ૧
પુરણ બ્રહ્મ પુરશોતમ પ્રગટી નંદસુત ગવાયા.

સુર અસુર સાથે જળમાંથી મોહક મોહીની લાવ્યા. ૨
ગ્વાલ સંગે ગોકુળીયામાં નંદની ધેનો ચારી,
ઇંદ્રાદિકનું માન ઉતાર્યું ગીરીવર હસ્તે ધારી. ૩
ધન્ય ભાગ્ય ગોકુળના જનતાંને વૃંદાવન વાસી,
દર્શન થયાં શ્રી કૃષ્ણજીનાં સહુ સોળ કળા પ્રકાશી. ૪
પાર જેનો બ્રહ્મ ન પામે વેદ વાક્ય પણ વખાણે,
તપ કરતાં મુનીજન થાકી ધ્યાન હૃદયમાં આણે. ૫
અશરણા શરણ જો કોઇ આવે પ્રભુજી પ્રેમે પાળે
સંકષ્ટ સંત તણા પુરૂશોત્તમ પળ માંહીરે ટાળે. ૬
દિન દયાળ દયાના સિંધું અવનિમાં અવતરિયા,
ભક્ત વત્સલ ભવમાં કહેવે અર્થ ધણીના સરીયા. ૭
ધન્ય ગોકળીયું ધન્ય વૃંદાવન ધન્ય યમુનાં નીર.
ધન્ય ગોપીને ગ્વાલ મંડળ ધન્ય બળભદ્રના વીર. ૮
ધન્ય ધન્ય ગીરી ગોવરધન જે શ્રી કૃષ્ણે ધરીયો,
ધન્ય કાળીનાગ કાલીંદ્રી મદ હરીએ હરીયો, ૯
ધન્ય નંદ યશોદા મૈયા ધન્ય શ્રી વસુદેવ,
ધન્ય દેવકી દેવકતનયા ધન્ય શ્રી નટવર દેવ. ૧૦
ધન્ય રાધાવર કેશવજી ધન્ય વૃંદનાં બાલ,
ધન્ય મિષ્ટ દધિને દુધને ધન્ય ગોકુળ ગોવાળ ૧૧
ધન્ય ગોધન શ્રી હરીનાં ધન્ય યમુના તીર,
ધન્ય મોરલી સુર સુંદર ધન્ય મેનાં કીર. ૧૨
ચૌદ ભુવનના કરતા હરતા નંદ તણા સુત કહાવ્યા,
મધુર મોહન મથુરાંથી ગોકુળીએ પધાર્યા. ૧૩

બાળપણામાં બાઇ સંગે અનેક દુષ્ટ વિદાર્યા,
છળબળ કરતા જે જે આવ્યા તેને સહુ સહુ હાર્યા, ૧૪
જરાસંધથી યુદ્ધ કરીને કાલજવનને માર્યા.
સોરાષ્ટ્ર દેશે ગીરી ગીરનારે મુની મુચકંદને તાર્યા, ૧૫

દ્વારામતી આવ્યા શામ સાથેં લાવ્યા બળરામ,
મોટા મુનીવર વંદે ચર્ણ સુર સઘળા આવ્યાં શર્ણ. ૧
રાજ્યધાની મોટા મહારાજ ચૌદ ભુવનમાં જેનું રાજ,
રાજ્યાસને શોભે છે ગોપાળ નમે સૌ કોઈ કૃષ્ણ કૃપાળ, ૨
સિંહાસને બેઠા રણછોડ પાંચે છબી જોતાં ગત કોડ,
શીર શોભે મણી ઝળકાર વર્ણન કરતાં ન આવે પાર. ૩
મુખ રવીકોર સમાન સુંદીર શરીર બીજે વાન.
ચતુરભુજ શોભે યદુનાથ શંખ ચક્ર ગદા લીધાં હાથ, ૪
કેશરી તીલક સોહાવે ભાલ કમળ પત્રે નેન વિશાળ
કંઠે હેમ હીરાના હાર ઉર ભૃગુલાંચ્છન સાર. ૫
પહેર્યાં રંગ બેરંગી પટકુળ શોભે કળા પ્રકાશી સોળ,
ઉભા સન્મુખે બ્રહ્માદિ દેવ સહુ સ્તુતિ કરે અબ્ધ મેવ. ૬
નારદ સારદ સનત કુમાર કરે વર્ણન ગુણ મોરાર.
ગાંધર્વ ગાન કરે સટ રાગ નાચે ઉરવશી નાચ રસાળ, ૭
પાંડવ પત્ની દ્રોપદી સતી દુષ્ટ દુર્યોધન દુભે અતી,
ઝાલી લાવ્યો સભા મોઝાર લેવા લાજ અબળા નિરધાર. ૮
દુ:શાશન દુર વાયક વદે રામા હરિરટન કરે રૂદે,
વસ્ત્ર હરણ કરે બહુ જોરે નવાં ઉપજાવ્યાં કૃષ્ણ કીશોરે. ૯

સતીએ સમર્યા શ્રી જુગદીશ વ્હારે ધાયા દ્વારિકા ધિશ,
પંચાળીનાં પુર્યાં ચીર લાજ જાતી રાખી રઘુવીર. ૧૦
પડી ભીડ ત્યાં ધરી બાંહે પાંડવ પત રાખી રણમાંહે,
પાંડવનો રથ ભારત વિશે હાંક્યો સુત થઇ વિણ રીસે. ૧૧
સંત સર્વ લીધી સંભાળ એવા નમો શ્રી કૃષ્ણ કૃપાળ,
દુરવાસાએ દુભ્યાઅમરીશ શુદરશનને દીધી શીશ. ૧૨
ઋષી પાછળ આ યુદ્ધ થયું જાણ્યું શીશ હવે ઉડી ગયું,
ત્રણ ભુવન વળ્યા ફરી પણ રક્ષા કોઇએં નવ કરી. ૧૩
આવ્યા થાકીને ભુપતી પાસ રાય મારો નિવારો ત્રાસ,
રાજાએ ત્હેની સ્તુતી કરી ચક્ર પાછુ વળ્યું ફરી. ૧૪
ઋષી પામ્યા પશ્ચાતાપ વૈશ્નવને નવ દીજે શ્રાપ,
એવા વૈશ્નવ જન રખવાળ નમો નમો કૃષ્ણ કૃપાળ. ૧૫
અહયો છોડાવ્યો ગજરાજ સ્તુતિ સુણી ધાયા મહારાજ,
એમ કંઇક ઉગાર્યા ભકત જે એ જાણે સચરાચર જગત. ૧૬
સુખ મહીમા કહયો ન જાએ ભક્ત વત્સલ કૃષ્ણ કહેવાયે,
સેવક જનોને લેવાને સાર ભુતલમાંહી લીધો અવતાર. ૧૭
શર્ણાગતના ટાળે પાપ ભીડ પડે ત્યાં આવે આપ,
કરે કૃપા કેશવ તત્કાળ એવા નમોને કૃષ્ણ કૃપાળ. ૧૮
ભીમક તનયા રૂકમણી હરી લાવ્યા હરી સૈન્ય હણી,
અનીરૂદ્ધ કુવર આકરો અસુર કન્યા પોતે વર્યો. ૧૯
તાત જેના બાણાસુર રાયે રાખ્યો કુંવર કારા ગ્રહ માંહે,
નારદ ઋષીએ કીધું જાણ સાંભળી ધાયા સારંગ પાણ. ૨૦
ગરૂડ ચઢ્યા આણીને ક્રોધ સાથે યાદવ છપન કોટી જોધ,
સુધ કરી મુકાવ્યો બાળ નમો નમો કૃષ્ણ કૃપાળ. ૨૧

શુકજી કહે એવો પુરોત્તમ બાળકૃષ્ણ તણો મહીમાય,
સુણતાં પાવન થશો નરનારી પુગે આશ પ્રભુજી વારી,

ગુરૂ ભુલ સુધારી લેઇ દોષ શીઘ કર્તાને ન દેઇ,
નિરસાર સંસારનીમાંહી સમજી ભક્તી સમુ નહી કાંઇ
લ્હાવો હરી ભજનનો લેશો ભવસાગરજેથી ઉતરશો
છપ્યો એવું ધારી લઘુ ગ્રંથ કરે નિત્ય રટન સાધુ સંત.

સમાપ્ત.